# ગુજરાત રાજ્ય ફિઝિયોથેરાપી કાઉન્સિલ રદ થશે

**ગુજરાત** રાજ્ય ફિઝિયોથેરાપી કાઉન્સિલ રદ કરવા બાબતનું વિધેયક સર્વાનુમતે વિધાનસભામાં પસાર કરાયું

**ફિઝિયોથેરાપી** કાઉન્સિલની હવે જરૂરીયાત રહેતી નથી : ઋષિકેશ પટેલ

ગાંધીનગર : આજે ગુજરાત વિધાનસભામાં ગુજરાત રાજ્ય ફિઝિયોથેરાપી કાઉન્સિલ(રદ કરવા બાબત)નું વિધેયક પસાર કરાયુ હતું. આ વિધેયક રની ચર્ચાનો જવાબ આપતા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યુ હતું કે, ગુજરાત રાજ્ય ફિઝિયોથેરાપી કાઉન્સિલ એક્ટ, ૨૦૧૧ રાજ્યમાં અમલમાં હતો. જેના અંતર્ગત ગુજરાત સ્ટેટ કાઉન્સીલ ફોર ફિઝિયોથેરાપીની રચના કરાઇ હતી. તાજેતરમાં ભારત સરકારે "નેશનલ કમિશન ફોર એલાઈડ એન્ડ હેલ્થકેર પ્રોફેસન્સની" રચના કરેલ છે. આ કમિશનનો હેતુ દેશભરના એલાઈડ અને હેલ્થકેર વ્યવસાયિકોના શિક્ષણ અને સેવાઓના ધોરણોના નિયમન અને દેખરેખ, સંસ્થાઓનું મુલ્યાંકન, સેન્ટ્રલ અને સ્ટેટ રજિસ્ટરની જાળવણી, રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ વિગેરે કરવા માટેનો છે.આ એક્ટ હેઠળ કુલ-૫૬ પ્રકારના એલાઈડ અને પેરામેડિકલ અભ્યાસક્રમોનો સમાવેશ કરીને ૧૦ કેટેગરીમાં વિભાજિત કરાયા છે. કેન્દ્ર સરકારના આ કાયદાની કલમ-૨૨ની જોગવાઈ મુજબ દરેક રાજ્યએ સ્ટેટ એલાઈડ એન્ડ હેલ્થ કેર કાઉન્સિલની રચના કરવાની થતી હોવાથી ગુજરાત સરકારે પણ તા.૨૬/૧૧/૨૦૨૪ના જાહેરનામાથી "ગુજરાત સ્ટેટ એલાઈડ એન્ડ હેલ્થ કેર કાઉન્સિલ"ની રચના કરી છે. જેમાં તા.૨૦/૧૨/૨૦૨૪ના જાહેરનામાથી ચેરમેન તથા વિવિધ સભ્યોની પણ નિમણૂંક પણ કરાઈ છે.

તેમણે કહ્યું હતું કે કેન્દ્ર સરકારના એક્ટમાં સમાવિષ્ટ કુલ-૫૬ વિવિધ એલાઈડ હેલ્થકેર અભ્યાસક્રમોમાં ફિઝિયોથેરાપી કોર્ષનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. ગુજરાતમાં હાલમાં ઉક્ત ૫૬ અભ્યાસક્રમો પૈકી અંદાજે ૩૦ જેટલા અભ્યાસક્રમો ચાલે છે. રાજ્ય સરકાર દ્વારા રચવામાં આવેલ સ્ટેટ એલાઈડ એન્ડ હેલ્થકેર કાઉન્સિલ દ્વારા ફિઝિયોથેરાપી કાઉન્સિલની તમામ કામગીરી પણ આવરી લેવામાં આવનાર હોવાથી ફિઝિયોથેરાપી કાઉન્સિલની હવે જરૂરીયાત રહેતી નથી. જેના પરિણામે આજનું રદ કરવા બાબત વિધેયક ગુજરાત વિધાનસભામાંથી પસાર થતા રાજ્યમાં ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ફોર ફિઝિયોથેરાપી એક્ટ-૨૦૧૧નો અંત આવશે. ફિઝિયોથેરાપી કાઉન્સિલના અંતની સાથે કાઉન્સિલમાં કાર્યરત તમામ સ્ટાફને નવી બનાવવામાં આવેલ "ગુજરાત સ્ટેટ એલાઈડ એન્ડ હેલ્થકેર કાઉન્સિલ"માં સમાવી લેવામાં આવશે અને તેઓ આ નવી કાઉન્સિલમાં કાર્ય કરશે. ગુજરાત રાજ્ય ફિઝિયોથેરાપી કાઉન્સિલ એક્ટ, ૨૦૧૧ હેઠળની ગુજરાત સ્ટેટ કાઉન્સીલ ફોર ફિઝિયોથેરાપીની તમામ કામગીરી, કાઉન્સીલનું ફંડ સંસાધનો, માનવબળ, તેમના તમામ અધિકારો અને જવાબદારીઓ સાથે સ્ટેટ અલાઈડ એન્ડ હેલ્થકેર કાઉન્સિલને તબદીલ થશે.

અત્રે નોંધનીય છે કે, રાજ્યમાં હાલ ૦૫ સરકારી તેમજ ૬૮ સ્વ-નિર્ભર મળીને કુલ-૭૩ ફિઝિયોથેરાપી કોલેજો કાર્યરત છે, ફિઝિયોથેરાપી કાઉન્સિલમાં તા.૧૭-૦૨-૨૦૨૫ની સ્થિતિએ કુલ ૨૧,૬૬૮ ફિઝિયોથેરાપીસ્ટોનું રજિસ્ટ્રેશન થયેલ છે.

### ૫૬ અભ્યાસક્રમોને ૧૦ કેટેગરીમાં વિભાજિત કરવામાં આવ્યા

(૧) મેડિકલ લેબોરેટરી અને લાઈફ સાયન્સિસ કેટેગરીમાં - ૧૧ કોર્સ
(૨) ટ્રોમા, બર્નકેર અને સર્જીકલ/એનેસ્થેશિયા રીલેટેડ ટેક્નોલોજી - ૬ કોર્સ
(૩) ફિઝિયોથેરાપી પ્રોફેશનલ - ૧ કોર્સ
(૪) ન્યુટ્રીશન સાયન્સ પ્રોફેશનલ - ૨ કોર્સ
(૫) ઓપ્થેલ્મિક સાયન્સ પ્રોફેશનલ - ૩ કોર્સ
(૬) ઓક્યુપેશનલથેરાપી પ્રોફેશનલ - ૧ કોર્સ
(૭) કોમ્યુનિટી કેર, બીહેવરલ હેલ્થ સાયન્સિસ અને અધર પ્રોફેશનલ્સ - ૧૪ કોર્સ
(૮) મેડિકલ રેડીયોલોજી, ઈમેજીંગ એન્ડ થેરાપ્યુટીક ટેક્નોલોજી પ્રોફેશનલ - ૫ કોર્સ
(૯) મેડિકલ ટેક્નોલોજીસ્ટ એન્ડ ફિઝીશિયન એસોસીયેટ - ૯ કોર્સ
(૧૦) હેલ્થ ઈન્ફોર્મેશન મેનેજમેન્ટ એન્ડ હેલ્થ ઈન્ફોર્મેટીક પ્રોફેશનલ - ૪ કોર્સ

# ભાજપ અને કોંગ્રેસ બંનેએ USAIDની સહાય લઈને દેશને નુકસાન પહોંચાડ્યું છે

અમેરિકા જેવા દેશો દ્વારા ભારત જેવા વિકાસશીલ દેશના રાજકારણ, અર્થકારણ અને સમાજકારણમાં ભાંગફોડ માટે વિદેશી ભંડોળ આપવામાં આવે છે, તેની બધાને જાણ છે. ભૂતકાળમાં યુપીએ સરકારે અને વર્તમાનમાં ભાજપના મોરચાની સરકારે અમેરિકા પાસેથી કરોડો ડોલરનું ભંડોળ આ રીતે લીધું છે, પણ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતને આપવામાં આવેલા ૨.૧ કરોડ ડોલર પર સવાલ ઉઠાવ્યા તે પછી ભારતના તમામ રાજકીય પક્ષો ઉપરાંત સરકારો પણ શંકાના દાયરામાં આવી ગઈ છે. એલોન મસ્કના નેતૃત્વ હેઠળના ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DOGE) એ જણાવ્યું હતું કે યુનાઈટેડ સ્ટેટ્સ એજન્સી ફોર ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID) એ મતદાન વધારવા માટે ચૂંટણી પંચને ૨.૧ કરોડ ડોલર આપ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે ભારત દુનિયામાં સૌથી વધુ ટેક્સ લગાવનારા દેશોમાંનો એક છે. તેમના ટેરિફ એટલા ઊંચા છે કે આપણે ત્યાં ભાગ્યે જ વ્યવસાય કરી શકીએ છીએ. હું વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો ખૂબ આદર કરું છું, પરંતુ શું મતદાન માટે ૨.૧ કરોડ ડોલર આપવા યોગ્ય છે? આના કારણે દેશમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે રાજકીય ઉથલપાથલ શરૂ થઈ ગઈ.



ભાજપે આ મામલાની તપાસની માંગણી કરી છે તો ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર એસ.વાય. કુરેશીએ સ્પષ્ટતા કરી હતી કે ચૂંટણી પંચનો USAID સાથે કરાર હતો, પરંતુ તેમાં કોઈ નાણાંકીય સહાયનો સમાવેશ થતો નથી. જો નાણાંકીય સહાય નહોતી તો ૨.૧ કરોડ ડોલર ગયા ક્યાં? ભાજપના સાંસદ મહેશ જેઠમલાણીએ તેને ભારતીય ચૂંટણીઓમાં વિદેશી હસ્તક્ષેપ ગણાવ્યો છે. તેમણે કહ્યું કે USAID એ ભારતમાં મતદાન માટે ૨.૧ કરોડ ડોલર ફાળવ્યા હતા. તે મતદારોને મતદાન કરવા માટે પૈસા ચૂકવવાનું અને સત્તા પરિવર્તન લાવવા માટેનું એક ઉપનામ છે. વીણા રેડ્ડીને ૨૦૨૧ માં USAID ના ભારતીય મિશનનાં વડાં તરીકે ભારત મોકલવામાં આવ્યાં હતાં. તપાસ એજન્સીઓ તેમને પૂછી શકે છે કે આ પૈસા કોને આપવામાં આવ્યા હતા? તેઓ ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પછી અમેરિકા પરત ફર્યાં હતાં. તેમનું મતદાનનું મિશન પૂર્ણ થયું હતું. ભાજપના સાંસદનો ઈશારો વિપક્ષો તરફ છે કે તેમને ૨.૧ કરોડ ડોલર મળ્યા હતા.

ભાજપની જેમ કોંગ્રેસ પાર્ટીએ ભારતની ચૂંટણી પ્રક્રિયામાં વિદેશી હસ્તક્ષેપની પણ નિંદા કરી છે. તેમણે નરેન્દ્ર મોદી સરકારને USAID ના દાવાઓની તપાસ કરવાની અને જો કોઈ ખોટું કામ થયું હોય તો પગલાં લેવા વિનંતી કરી છે. આ મામલો ખૂબ જ ગંભીર છે અને દેશના રાજકારણમાં વિદેશી હસ્તક્ષેપ અંગે પ્રશ્નો ઉભા કરે છે. શું અમેરિકાએ ખરેખર ભારતની ચૂંટણીઓને પ્રભાવિત કરવાનો પ્રયાસ કર્યો હતો? આ એક મોટો પ્રશ્ન છે જેનો જવાબ શોધવાની જરૂર છે. સરકારે આ મામલે તાત્કાલિક પગલાં લેવા જોઈએ. દેશની લોકશાહી પ્રક્રિયાનું રક્ષણ કરવાની જવાબદારી સરકારની છે. આ બાબતમાં સીબીઆઇ દ્વારા તપાસ થવી જોઈએ.

ટુ ધ પોઇન્ટ

સમકિત શાહ

અમેરિકન એજન્સી યુએસએઆઈડી (યુએસ એજન્સી ફોર ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ) નાં ભૂતપૂર્વ ભારત નિર્દેશક વીણા રેડ્ડી આ દિવસોમાં ચર્ચામાં આવ્યાં છે. આંધ્ર પ્રદેશમાં જન્મેલાં અમેરિકન રાજદ્વારી વીણા રેડ્ડી ૫ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ USAID ઇન્ડિયામાં જોડાયાં હતાં. ૧૭ જુલાઈ, ૨૦૨૪ ના રોજ, તેમણે અમેરિકા પાછા ફરવાની જાહેરાત કરી હતી. તેઓ અગાઉ ન્યૂ યોર્ક, લંડન અને લોસ એન્જલસમાં કોર્પોરેટ એટર્ની રહી ચૂક્યાં છે. તેમણે કોલંબિયા યુનિવર્સિટીમાંથી ડોક્ટર ઓફ જ્યુરિસપ્રુડેન્સની ડિગ્રી અને શિકાગો યુનિવર્સિટીમાંથી એમ.એ. અને બી.એ.ની ડિગ્રી મેળવી છે. તેમણે પાકિસ્તાન, મધ્ય એશિયાઇ દેશો અને મધ્ય અમેરિકામાં USAID માટે કામ કર્યું છે. તેઓ ન્યૂ યોર્ક અને કેલિફોર્નિયાના બાર કાઉન્સિલનાં સભ્ય પણ રહી ચૂક્યાં છે. વીણા રેડ્ડીના કાર્યકાળ દરમિયાન USAID દ્વારા ભારતને આપવામાં આવતા ભંડોળમાં મોટો વધારો થયો હતો. ૨૦૨૨ માં સૌથી વધુ ૨૨.૮ કરોડ ડોલરનું ભંડોળ પ્રાપ્ત થયું હતું.

ભારતને USAID દ્વારા ૨૦૨૦માં ૮.૩૨ કરોડ ડોલર, ૨૦૨૧માં ૯.૪૩ કરોડ ડોલર, ૨૦૨૨માં ૨૨.૮ કરોડ ડોલર, ૨૦૨૩માં ૧૭.૫૭ કરોડ ડોલર અને ૨૦૨૪માં ૧૫.૧૮ કરોડ ડોલરનું ભંડોળ મોદી સરકારના કાર્યકાળમાં મળ્યું હતું. ૨૦૨૨ માં પ્રાપ્ત થયેલા ૨૨.૮ કરોડ ડોલરમાંથી ૧૪.૦૭ કરોડ ડોલર આરોગ્ય ક્ષેત્ર પર, ૨.૫૧ કરોડ ડોલર માતા અને બાળકના સ્વાસ્થ્ય પર, ૧.૦૫ કરોડ ડોલર HIV/AIDS નિવારણ પર, ૭૧.૮૬ લાખ ડોલર પર્યાવરણીય સંરક્ષણ પર અને ૫૬ લાખ ડોલર વૈકલ્પિક ઉર્જાની યોજનાઓ પર ખર્ચવામાં આવ્યા હતા. ભારત અને ભૂટાનમાં USAIDનું નેતૃત્વ કરનાર પ્રથમ ભારતીય અમેરિકન રાજદ્વારી વીણા રેડ્ડીએ કંબોડિયા, હૈતી, અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાં USAID મિશનનું પણ નેતૃત્વ કર્યું હતું. તેમણે રેલવે, નીતિ આયોગ, NTPC ગ્રીન, રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ નિગમ, આદિજાતિ બાબતોનું મંત્રાલય, આરોગ્ય મંત્રાલય અને અટલ ઇનોવેશન મિશન જેવી સરકારી સંસ્થાઓ સાથે USAID ના અનેક આયોજનો પર પણ કામ કર્યું હતું. તેમણે ડિજિટલ પેમેન્ટ, આરોગ્ય અને શિક્ષણ કાર્યક્રમોને પ્રોત્સાહન આપવા માટે વિવિધ રાજ્યોની મુલાકાત પણ લીધી હતી.

ભારતીય ચૂંટણીઓને પ્રભાવિત કરવાના આરોપો બાદ ભાજપના આઇટી સેલના વડા અમિત માલવિયાએ કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી પર વિદેશી એજન્સીઓ માટે સાધન તરીકે કામ કરવાનો આરોપ લગાવ્યો હતો અને કોંગ્રેસને USAID થી ફાયદો થયો છે તે સાબિત કરવા માટે ઘણા જૂના વીડિયો શેર કર્યા હતા. બીજી તરફ, કોંગ્રેસે ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદનને બકવાસ ગણાવ્યું હતું અને કેન્દ્ર સરકાર પાસે છેલ્લા દાયકાઓમાં સરકારી અને બિન-સરકારી સંસ્થાઓને આપવામાં આવેલી નાણાંકીય સહાય પર શ્વેતપત્ર બહાર પાડવાની માંગણી કરી હતી. કોંગ્રેસના ખજાનચી અજય માકને કહ્યું હતું કે અમારી પાર્ટી લોકશાહી પ્રક્રિયામાં કોઈપણ પ્રકારની વિદેશી દખલગીરી સ્વીકારતી નથી. જો ૨૦૧૨ માં અમેરિકાથી મતદાન વધારવા માટે પૈસા આવ્યા હોય તો તત્કાલીન વિપક્ષી પાર્ટી ભાજપને તેનો ફાયદો થયો હોત. ભારત સરકારે ૨૦૧૨ માં મળેલા ૨.૧ કરોડ ડોલર અને ૨૦૧૪ થી ૨૦૨૪ દરમિયાન મળેલા ૫૨ કરોડ ડોલરની તપાસ કરવી જોઈએ.

ભારતમાં આ એજન્સી પાસેથી મળતા ભંડોળના મુદ્દા પર ભાજપે અગાઉ કોંગ્રેસને ઘેરી લીધી હતી, પરંતુ હવે કોંગ્રેસે ભૂતકાળમાં સ્મૃતિ ઈરાનીના આ એજન્સી સાથેના સંબંધોને લઈને ભાજપ પર હુમલો કર્યો છે. કોંગ્રેસના નેતા પ્રિયાંક ખડગેએ સ્મૃતિ ઈરાનીનું ૩૧ ઓક્ટોબર, ૨૦૧૧નું એક ટ્વીટ શેર કર્યું છે, જેમાં સ્મૃતિ ઈરાની પોતે કહી રહ્યાં છે કે તેઓ USAIDના ગુડવિલ એમ્બેસેડર હતાં. સરકારી વેબસાઇટ અનુસાર પણ સ્મૃતિ ઈરાનીએ ભારતમાં USAID નાં ગુડવિલ એમ્બેસેડર તરીકે સેવા આપી છે. વિશ્વ આરોગ્ય સંગઠનની પ્રમોશનલ સામગ્રીમાં સ્મૃતિ ઈરાની હાજર હતા તે દિલ્હી ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની બસો પર મૂકવામાં આવી હતી. ત્યારે શીલા દીક્ષિત દિલ્હીનાં મુખ્યમંત્રી હતાં. તો શું આનો અર્થ એ છે કે કોંગ્રેસની જેમ ભાજપના નેતાઓ પણ જ્યોર્જ સોરોસના એજન્ટ છે? કોંગ્રેસે વિદેશ મંત્રી એસ. જયશંકર અને કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલ પર પણ USAID ને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવ્યો છે. કોંગ્રેસનું કહેવું છે કે ભાજપના નેતૃત્વ હેઠળની NDA સરકાર દરમિયાન USAID તરફથી વધુ ભંડોળ મળ્યું છે. પવન ખેરાએ ૨૦૨૩ માં USAID અને ભારત વચ્ચે થયેલા કરારનો સ્ક્રીનશોટ શેર કર્યો છે. આ ૨૦૩૦ સુધીમાં ભારતીય રેલ્વેમાં શૂન્ય કાર્બન ઉત્સર્જન માટેનો કરાર હતો. આ દસ્તાવેજમાં જયશંકરની USAID એડમિનિસ્ટ્રેટર સાથેની બેઠકનો ઉલ્લેખ છે, જેમાં ખોરાક, ઊર્જા અને દેવા સંબંધિત પડકારોની પણ ચર્ચા કરવામાં આવી હતી. કોંગ્રેસના અન્ય નેતાઓએ એક વીડિયો શેર કર્યો છે જેમાં સ્મૃતિ ઈરાની જયશંકરના પુત્ર સાથે USAID રાજદૂત તરીકેના તેમના અનુભવ વિશે વાત કરતી જોવા મળે છે. ભાજપના અને કોંગ્રેસના નેતાઓ એકબીજા પર કાદવ ઉછાળી રહ્યા છે, પણ તેમાં ભારતની પ્રજાને બંને મુખ્ય રાજકીય પક્ષોની અસલિયત જાણવા મળી ગઈ છે કે તેમણે વિદેશી ભંડોળ લઈને દેશના હિતોને નુકસાન પહોંચાડવાનું કામ કર્યું હતું.

**ભારતમાં આ એજન્સી પાસેથી મળતા ભંડોળના મુદ્દા પર ભાજપે કોંગ્રેસને ઘેરી લીધી હતી, પરંતુ હવે કોંગ્રેસે સ્મૃતિ ઈરાનીના આ એજન્સી સાથેના સંબંધોને લઈને ભાજપ પર હુમલો કર્યો છે**

# તાપી-કરજણ સિંચાઈ માટેની લીફ્ટ યોજનાનું ૯૨% કામ પૂર્ણ

**સુરત** અને નર્મદા જિલ્લાના ૭૩ ગામોના ૫૩,૭૪૮ એકર વિસ્તારને લાભ મળશે

ગાંધીનગર : સુરત અને નર્મદા જિલ્લાના ખેડૂતોને સિંચાઈ માટે સુવિધા પૂરી પાડવા રૂ. ૬૫૧ કરોડના ખર્ચે નિર્માણધીન તાપી-કરજણ લિફ્ટ યોજનાનું ૯૨% કામ પૂર્ણ થયું છે જેનું લોકાર્પણ ટૂંક સમયમાં કરાશે, તેવું જળ સંપત્તિ રાજ્ય મંત્રી મુકેશ પટેલે વિધાનસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં જણાવ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું હતું કે, તાપી-કરજણ લીફ્ટ યોજના એ ભારતની પહેલી ઐતિહાસિક સિંચાઈ યોજના છે. જેમાં ૨૧૨ મીટર ઊંચાઈ સુધી પાણી લિફ્ટ કરીને ખેડૂતોના ખેતર સુધી પાણી પહોંચાડવાનું આયોજન છે. આ યોજના થકી સુરત અને ઉંમરપાડાના ૭૩ ગામોમાં ૫૩,૭૪૮ એકર જમીનને સિંચાઈની સુવિધાનો લાભ મળશે. જેમાં સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના ૫૧ ગામોમાં ૩૫,૯૪૬ એકર વિસ્તાર અને નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાના ૨૨ ગામોમાં ૧૭,૮૦૨ એકર વિસ્તારનો સમાવેશ થાય છે.

# ત્રણ વર્ષમાં રિન્યૂએબલ ઊર્જા ઉત્પાદન ક્ષમતા વધીને ૩૨,૩૦૦ મેગાવોટ થઈ

**વર્ષ**-૨૦૨૪ દરમિયાન રાજ્યમાં બે વખત વીજદરોમાં ઘટાડો કરવામાં આવ્યો

ગાંધીનગર : છેલ્લાં ત્રણ વર્ષમાં રાજ્યની કુલ રિન્યૂએબલ ઊર્જા ઉત્પાદન ક્ષમતા ૧૫,૪૦૦ મેગાવોટથી વધીને ૩૨,૩૦૦ મેગાવોટ કરવામાં આવી છે. વિધાનસભામાં પ્રશ્નના લેખિત જવાબમાં ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, વર્ષ-૨૦૨૪ દરમિયાન રાજ્યમાં બે વખત વીજદરોમાં ઘટાડો કરવામાં આવતાં કુલ સરેરાશ રૂ. ૨૦૦૪ કરોડની રાહત આપવામાં આવી છે. વીજ નિયમન પંચ દ્વારા દર ત્રણ મહિને રાજ્યમાં જે પ્રમાણમાં વીજ ઉત્પાદન થાય, તેની સામે થયેલા ખર્ચની ગણતરી કરીને તે મુજબ ફ્યૂઅલ ચાર્જ નિયત કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન બે વખત વીજ દરોમાં ઘટાડો કરવામાં આવ્યો છે. તા. ૧-૧-૨૦૨૪ની અસરથી યુનિટદીઠ ૫૦ પૈસા, જ્યારે તા. ૧-૧૦-૨૦૨૪થી ૪૦ પૈસા એમ બે વખત ઘટાડો કરવામાં આવતાં વર્ષ-૨૦૨૪માં વીજગ્રાહકોને કુલ રૂ. ૨૦૦૪ કરોડની સરેરાશ રાહત આપવામાં આવી છે. વીજ નિયમન પંચ દ્વારા આગામી સમીક્ષા ન થાય ત્યાં સુધી રાજ્યના ૧ કરોડ ૫૦ લાખ વીજગ્રાહકો માટે આ ઘટાડો લાગુ રાખવામાં આવશે.

## BUSINESS મિત્ર

મિડકેપ-સ્મોલકેપ શેરોમાં પણ નરમાઇ રોકાણકારોની સંપત્તિમાં રૂ. 3.04 લાખ કરોડનો ઘટાડો નોંધાયો

# શેરબજારમાં સતત ચોથા દિવસે ઘટાડો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 20:** ભારતીય શેરબજારમાં આજે ચોથા દિવસે ઘટાડો જોવાયો હતો. છેલ્લા ત્રણ દિવસમાં સેન્સેક્સ અને નિફ્ટીમાં નજીવા ઘટાડા સાથે સપોર્ટ લેવલની ઉપર બંધ રહેતા હતા, પરંતુ આજે નિફ્ટીએ 22800ના સપોર્ટ લેવલને પણ તોડી નાંખ્યું છે. જેના લીધે આવનારા દિવસોમાં હજુય નરમાઈ આગળ વધે તેવું માનવામાં આવી રહ્યું છે. ભારતીય શેરબજારમાં આજે મોટા ભાગના સેકટરો લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. મેટલ સેકટરને બાદ કરતા તમામ સેકટરો લાલ નિશાનમાં રહ્યા હતા. ટેસ્લાના આગમનના અહેવાલના પગલે ઓટો કંપનીઓના શેરોમાં ગાબડા પડ્યા હતા. જેમાં મહિન્દ્રા-મહિન્દ્રા અને ટાટા મોટર્સને વધુ ફટકો પડ્યો હતો. કેમ કે ટેસ્લા ઈવી સેગમેન્ટમાં છે, જેનાથી ટાટા મોટર્સ અને મહિન્દ્રાને મોટી અસર થશે. જેના લીધે આ બંને કંપનીઓના શેરોમાં વેચવાલી હાવી રહી હતી.

બ્રોડર માર્કેટમાં મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં બે દિવસમાં તેજીને અટકી ગયો છે, જેના લીધે રોકાણકારોની સંપત્તિમાં રૂ. 3.04 લાખ કરોડનો ઘટાડો રહ્યો હતો. જેના લીધે માર્કેટ કેપ ઘટીને રૂ. 401.81 લાખ કરોડ પર થઇ ગયો. ગત સેશનમાં રૂ. 404.85 લાખ કરોડનો રહ્યો હતો.

વિક્રમ સોલાર લિમિટેડ, ભારતના સોલાર ફોટો-વોલ્ટેકમોડ્યૂલના અગ્રણી નિર્માતા દ્વારા તેમની પશ્ચિમ બંગાળની ફાલ્ટા ફેસિલિટીની ઉત્પાદન ક્ષમતામાં 1 ગીગાવોટનો ધરખમ વધારો સફળતાપૂર્વક કરવામાં આવ્યો. તે ઉપરાંત ચેન્નઈ, તમિલનાડુની ઓરાગાદમ ફેસિલિટીની મેન્યુફેક્ચરિંગ લાઇનમાં પણટોપકોનઅને એચજેટીસહિતના વધુ કાર્યક્ષમ ટેક્નોલોજી મોડ્યૂલ ઉત્પાદન કરવા માટેની ફેસિલિટી પણ અપગ્રેડ કરવામાં આવી છે.

બીએસઇ સેન્સેક્સ 424.90 પોઈન્ટ એટલે કે 0.56 ટકા ઘટીને 75311.06 પોઈન્ટ પર બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 75748 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જે 75112 પોઈન્ટ સુધી ઘટયો હતો. નિફ્ટી117.25 પોઈન્ટ એટલે કે 0.51 ટકા ઘટીને 22795.90 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 22921 પોઈન્ટ સુધી ઉછળી હતી, પણ નીચામાં 22720 પોઈન્ટ સુધી ઘટી હતી. આજે નિફ્ટીએ 22800 પોઈન્ટની સપોર્ટ લેવલ તોડી નાંખીને બંધ રહી હતી. જ્યારે બેન્ક નિફ્ટી 353.35 પોઈન્ટ એટલે કે 0.72 ટકા ઘટીને 48981.20 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે ચાલેટ હોટલ્સમાં 83.32 ગણા, ગોદરેજ ઈન્ડ.માં 4.49 ગણા, સેન્ચુરી પ્લાયબોર્ડમાં 2.77 ગણા, પ્રેસ્ટીજ એસ્ટેટમાં 3 ગણા અને ટાટા કન્ઝયુમરમાં 2.62 ગણા કાકમજાનોંધાયા છે. એનએસઇ ખાતે ગોદરેજ ઈન્ડ.માં 17.25 ગણા, સેન્ચુરી પ્લાયબોર્ડમાં 14.22 ગણા, સુંદરમ ફાસ્ટનર્સમાં 8.81 ગણા, સીઆઇઇ ઓટોમોટિવમાં 7.55 ગણા અને વિજયા ડાયગ્નોસ્ટીકમાં 6.84 ગણા કામકાજ નોંધાયા છે.

બીએસઇ એસએમઇ શામુંગા હોસ્પિટલના આઇપીઓનું આજે રૂ. 54ના ભાવે લિસ્ટીંગ થયું હતું. કંપનીનો આઇપીઓ 2.43 ગણા છલકાયો હતો. બીએસઇ એસએમઇ એલકે મહેતા પોલીમર્સના આઈપીઓનું આજે નજીવા પ્રીમિયમ સાથે રૂ. 71.10ના ભાવે લિસ્ટીંગ થયું હતું.

### રૂપિયામાં 5 પૈસાનો ઘટાડો

કરન્સી બજારમાં ગઇકાલે ડોલરમાં જોરદાર ઘટાડો રહ્યો હતો, પણ આજે ડોલરની સામે રૂપિયો નજીવો ઘટયો હતો. ડોલરની સામે રૂપિયો 5 પૈસા ઘટીને 86.71ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં 86.66ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 90.32, પાઉન્ડ 109.75, કેનેડિયન ડોલર 61.06, ઓસ્ટ્રેલિયન ડોલર 55.49, જાપાનીઝ યેન 0.5766 અને સીંગાપોર ડોલર 64.70ના સ્તરે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -424.90 | 75311.06 |
| નિફ્ટી | 117.25 | 22795.90 |
| બેન્ક નિફ્ટી | -353.35 | 48981.20 |

**નિફ્ટી** — ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| હિન્દાલ્કો | 2.31 | 653.55 |
| ટાટા સ્ટીલ | 1.97 | 140.76 |
| એસબીઆઇ લાઇફ | 1.74 | 1495.40 |
| આઇશર મોટર | 1.51 | 4962.45 |
| લાર્સન-ટુબ્રો | 1.20 | 3315.10 |

**નિફ્ટી** — ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| મહિન્દ્રા-મહિન્દ્રા | 5.99 | 2669.35 |
| બીપીસીએલ | 2.82 | 251.30 |
| અદાણી પોર્ટસ | 2.56 | 1083.25 |
| ટાટા મોટર્સ | 2.41 | 673.20 |
| વિપ્રો | 2.22 | 306.35 |

**સેન્સેક્સ** — ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાટા સ્ટીલ | 1.88 | 140.60 |
| લાર્સન-ટુબ્રો | 1.10 | 33110.50 |
| એચસીએલ ટેકનો | 0.75 | 1700.85 |
| એશિયન પેઇન્ટસ | 0.35 | 2257.20 |
| એચડીએફસી બેન્ક | 0.31 | 1691.55 |

**સેન્સેક્સ** — ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| મહિન્દ્રા-મહિન્દ્રા | 6.07 | 2667.80 |
| અદાણી પોટર્સ | 2.57 | 1082.95 |
| ટાટા મોટર્સ | 2.46 | 672.90 |
| સન ફાર્મા | 1.60 | 1643.05 |
| પાવરગ્રીડ | 1.52 | 261.75 |

# ધર્માદા ટ્રસ્ટોને લગતી જોગવાઇઓ

ટેક્સ ટ્વિટર

વિરેશ રૂદલાલ

બજેટ 2025માં ધર્માદા ટ્રસ્ટોને લગતા ફેરફારોમાં હાલની જોગવાઈઓ મુજબ ટ્રસ્ટની નોંધણી સમયે અપૂરતી વિગતો ભરી છે અથવા વિગતો ભરવામાં ભૂલ થઇ છે એ ગ્રાઉન્ડ પર નોંધણી રદબાતલ કરવાની સત્તા દૂર કરી છે.

આમ આ નવી જોગવાઈ અંતર્ગત હવે આવી અપૂરતી વિગતોને આધારે નોંધણી નહિ કરવાની કે નોંધણી રદબાતલ કરવાની સત્તા દૂર થતાં હવે ટ્રસ્ટોના માથે લટકતી તલવાર હવેથી સંપૂર્ણ રાહત મળશે.

નવા ટ્રસ્ટોની નોંધણી કલમ-12-એબી મુજબ ટ્રસ્ટની નોંધણી પાંચ વર્ષ કરવામાં આવે છે અને જો હંગામી (પ્રોવિઝનલ) નોંધણી કરવામાં આવે તો 3 વર્ષની લીમીટ છે. આ પાંચ વર્ષ કે ત્રણ વર્ષની લીમીટ અને સમય મર્યાદા પૂરી થતાં ફરીથી રીન્યુઅલ આવે છે અને આ રીન્યુઅલમાં બહુ વિગતો માંગવામાં આવે છે અને એને લીધે ટ્રસ્ટોનું પેપર વર્ક બહુ વધી જાય છે અને આ ભારણને લઈને નાના ટ્રસ્ટોએ પણ સી.એ.ની વારંવાર સલાહ સૂચન લેવા પડે છે. હવે નવી જોગવાઈ મુજબ પાંચ વર્ષ કે ત્રણ વર્ષને બદલે સીધો 10 વર્ષની રીન્યુઅલ લીમીટ થતાં ટ્રસ્ટોએ રાહત અનુભવી છે.

આમ જે ટ્રસ્ટોની રીન્યુઅલ તારીખ નજીકમાં (31.3.25 અને ત્યારબાદ) જ હોય તેઓને આ કંટાળાજનક પ્રક્રિયામાંથી મુકિત મળી છે તેઓએ હવે સીધી 31.3.31માં રીન્યુઅલ કરવાનું રહે છે. આ સંદર્ભે નાના ટ્રસ્ટની વ્યાખ્યામાં જે ટ્રસ્ટની છેલ્લા બે વર્ષમાં આવક 5 કરોડ કરતાં વધારે ન હોય તે તમામને મોટી રાહત મળશે.

**80જીમાં ફેરફારો**

ઉપરોકત ટ્રસ્ટ નોંધણી અને રીન્યુઅલની 10 વર્ષની મુદત સુધારાની જોગવાઈની સાથોસાથ કલમ 80જીની ડોનેશન કપાત સંદર્ભે પણ કરવાની જરૂર છે. જે અંગે બજેટમાં શરતચૂક સંદર્ભે નાણાં મંત્રીનું ધ્યાન દોરવામાં આવ્યું છે. 80જીમાં પણ 10 વર્ષની લીમીટ કરવાની જરૂર છે. જો કે હવે નવી ટેક્ષ સીસ્ટમને લઈને કલમ 80જીનો લાભ મળવા પાત્ર નથી તેથી પણ આ કલમમાં ખાસ હવે રસ રહ્યો નથી.

**કલમ- 13(3)**

આ કલમમાં પેટા કલમ બીમાં સુધારો કરીને સંબંધિત વ્યકિતમાં એનુ ટ્રસ્ટમાં યોગદાન 10 લાખથી વધારે હોય અને એની પાછળ ખર્ચ કરેલ હોય તો જ કલમ-11 અને 12ના ભંગ બદલ ટ્રસ્ટ લાભ ગુમાવશે જે લીમીટ હાલમાં 50 હજાર છે.

જે ધંધામાં ઉપરોકત વ્યકિતનો નોંધપાત્ર હિસ્સો હોય એને પણ 13(3)માંથી બાકાત રાખેલ છે. 1.4.25થી આ સુધારા છે.

દુનિયાભરની સેન્ટ્રલ બેંકો પોતાની કરન્સીને પકડી રાખવામાં વ્યસ્ત

# ટેરિફ વોર, એફઆઇઆઇની વેચવાલી તથા વૈશ્વિક અસ્થિરતાના પગલે રૂપિયો વધુ નબળો રહ્યો

**ટ્રમ્પે 25** ટકા ટેક્સ લગાવવાની જાહેરાત બાદ વિશ્વમાં ખળભળાટ મચી ગયો

નવી દિલ્હી, 21: રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ ડોલર સામે રૂપિયો રોકી રાખ્યો હતો એટલું જ નહીં પરંતુ ટ્રેડિંગ ડેમાં રૂપિયો 33 પૈસા મજબૂત થઈને 86.65ની સપાટીએ બંધ રહ્યો હતો. નિષ્ણાતોનું કહેવું છે કે બુધવારે મોડી રાતે અમેરિકાના રાષ્ટ્રપતિએ ઓટો, ફાર્મા અને કેટલીક મેટલ્સની આયાત પર 25 ટકા ટેક્સની જાહેરાત કર્યા બાદ દુનિયાભરની સેન્ટ્રલ બેન્કોએ પોતાનું ચલણ જાળવી રાખવા માટે પૂરી તાકાત લગાવી દીધી હતી. આ કારણે રૂપિયો પણ મજબૂત થયો છે, પરંતુ તે ભવિષ્યની ગેરંટી નથી.

એક દિવસ અગાઉ જાહેર કરવામાં આવેલા આરબીઆઈના માસિક અહેવાલમાં દર્શાવવામાં આવ્યું છે કે અમેરિકન ડોલરની મજબૂતી, એફઆઈઆઈ આઉટફ્લો અને વૈશ્વિક અસ્થિરતા એ ત્રણ પરિબળો છે જે રૂપિયાના ભાવને અસર કરે છે.

જાન્યુઆરી 2025માં ડોલર સામે રૂપિયો 1.5 ટકા નબળો પડ્યો છે. જાપાનીઝ યેન, બ્રિટિશ પાઉન્ડ, આર્જેન્ટિના પેસો, સાઉથ આફ્રિકન રેન્ડમાં ઘટાડો ભારત કરતા વધુ છે, પરંતુ ચીન, થાઈલેન્ડ, તાઈવાન, ફિલિપાઈન્સ, મલેશિયાના ચલણમાં ઘટાડો ભારત કરતા ઓછો છે. નિષ્ણાતોનું માનવું છે કે જે દેશોની અર્થવ્યવસ્થા અમેરિકા સાથે વધુ મજબૂત રીતે જોડાયેલી છે, ત્યાં ચલણ પર થોડી અસર જોવા મળી છે. એટલે કે ભારતીય નિકાસકારો સાથે સ્પર્ધા કરી રહેલા એશિયાના વિકાસશીલ દેશોની કરન્સી ભારતીય રૂપિયા કરતાં સારી સ્થિતિમાં છે. રૂપિયાનો આ ઘટાડો છેલ્લા છ મહિનામાં ખૂબ જ ઝડપી રહ્યો છે અને તેની અસર વિદેશી મુદ્રા ભંડાર પર સ્પષ્ટ દેખાઈ રહી છે. 23 સપ્ટેમ્બર, 2024 થી 18 ફેબ્રુઆરી, 2025 ની વચ્ચે, ડોલર સામે રૂપિયો 83.70 થી ઘટીને 86.98 પર આવી ગયો છે. આ સમયગાળા દરમિયાન દેશના વિદેશી મુદ્રા ભંડારમાં 68 અબજ ડોલરનો ઘટાડો થયો છે.

# ભારતમાંથી ઓસ્ટ્રેલિયા માટે ફળોનું પ્રથમ શીપમેન્ટ રવાના કરાયું

**ભારતના** ફળફળાદીની વિદેશમાં વધી રહેલી નિકાસ

સુરત : ભારતની કૃષિનિકાસમાં અભૂતપૂર્વ વિસ્તરણ જોવા મળ્યું છે. જેમાં ઘણા ઉત્પાદનોએ પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય બજારોમાં પ્રવેશ કર્યો છે. આ ઐતિહાસિક વિસ્તરણ માત્ર વેપાર પૂરતું જ નથી. તે ખેડૂતોને સશક્ત બનાવવાની, ગ્રામ્ય આવકોને વધારવાની અને ભારતના સમૃદ્ધ કૃષિ વારસાને વૈશ્વિક નકશા પર મૂકવા વિશેની વાત છે. ભારતની કૃષિ નિકાસ માટે એકમહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ, ભારતે દરિયા મારફતે અનુક્રમે પ્રીમિયમ સંગોલા અનેભગવાદાડમના પ્રથમ શિપમેન્ટને સફળતાપૂર્વક ઓસ્ટ્રેલિયા મોકલ્યાહતા. આસફળતાએઓસ્ટ્રેલિયા માંભારતનાતાજાફળોનાબજારનીસુલભ તામાં વધારો કર્યો છે.

જેનાથી વધુ ભારતીય ઉત્પાદનો વૈશ્વિક પુરવઠા શ્રૃંખલામાં પ્રવેશવાનો માર્ગ મોકળો થાય છે.

### આ ચીજો ભારતમાંથી નિકાસ કરવામાં આવી રહી છે

| ચીજનું નામ | આયાતકર્તા દેશ | આ વિસ્તારનું ફળ |
|---|---|---|
| અંજીર જ્યુસ | પોલેન્ડ | - |
| ડ્રેગન ફ્રૂટ | લંડન-બહેરીન | ગુજરાત-પશ્ચિમ બંગાળ |
| દાડમ | અમેરિકા | મહારાષ્ટ્ર |
| લેટેકુ | દુબઇ | આસામ |
| જેકફ્રૂટ | જર્મની | ત્રિપુરા |
| રાજામિર્ચા | લંડન | નાગાલેન્ડ |
| રેડરાઇસ | યુએસએ | આસામ |
| વઝાકુલમ અનાનસ | દુબઇ-શારજાહ | કેરળ |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૨૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૮૪ | ૫૦/૩૬ '' | ૧૨૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૨ |
| ૩૦/૩૬ એફડી | ૨૯૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૭૧ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૧ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૩૦ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૩.૫ |
| ૬૮/૩૬ | ૧૨૮ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૩૧.૬ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૨૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૮.૮ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૮.૮ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૨ | ૮૦/૭૨ રોટો | ૧૨૯ | ૭૫ ક્રિમ્પ | ૧૨૫.૪૪ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૨ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૧.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૨૪.૩૨ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૯ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૧.૫ | ૮૦/૭૨ રોટો | ૧૨૯.૯૨ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૮ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૧ | ૮૦/૧૦૮ '' | ૧૨૯ | ૩૦/૩૬ એફડી | --- |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૫૯૦ | કોપરેલ | ૪૩૫૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૪૨૦ | વનસ્પતિ ઘી | ૨૫૦૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૫૦ | સનફ્લાવર | ૨૨૬૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૫૪૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૨૨૦ | દિવેલ | ૨૩૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૨૦ | મકાઇ તેલ | ૨૩૮૦ |
| સરસીયું તેલ | ૨૭૦૦ | | |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૮૮૭૧૦ |
| તેજાબી સોનું | ૮૮૬૨૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૮૪૨૭૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૮૬૯૩૫ |
| સોનાનાં બિસ્કીટ | ૮૮૭૧૦૦ |
| ચાંદી (૯૯૯) | ૯૯૭૯૦ |
| ચાંદી સિક્કા | ૧૦૧૨૯૦ |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૩૫૦ |
| એમ-30 | ૪૩૦૦ |
| એસ-30 | ૪૨૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૨૦૦ |
| એસ-30 | ૪૧૫૦ |